સત્યમેવ જયતે

રજુ તારીખ : ૦૬/૦૬/૨૦૧૧.

દાખલ તારીખ : ૦૬/૦૬/૨૦૧૧.

ફેસલ તારીખ : ૧૫/૦૯/૨૦૨૨.

સમયગાળો : ૧૧ વર્ષ : ૦૩ માસ : ૦૯ દિવસ

---

## કલોલ ખાતેની મજૂર અદાલતનાં પ્રમુખ અધિકારી
## શ્રી એસ.કે.સોલંકી સમક્ષ

---

**Ref.T.(L.C.). No.87/2011**

**Exhibit :- 25**

**પ્રથમ પક્ષકાર :-** (૧) **મેનેજરશ્રી, ટોરેન્ટ ફર્માસ્યુટીકલ્સ લી.**
મુ.ઈન્દ્રાડ, તા.કડી, જિ.મહેસાણા.

(૨) **મેનેજર શ્રી, ટોરેન્ટ રીસર્ચ કેન્દ્ર,**
મુ.ભાટ, તા.જિ.ગાંધીનગર.

(૩) **મેનેજર શ્રી, ટોરેન્ટ ફર્માસ્યુટીકલ્સ લી.**
ટોરેન્ટ હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :-** **મનસુખલાલ તાજુજી મીના**
જે.ગોયલ એપાર્ટમેન્ટ, ૮૨, પ્રેમચંદનગર, જજીસ બંગલો,
વસ્ત્રાપુર, અમદાવાદ.

---

**હાજર રહયા :-** **પ્રથમ પક્ષકારો તરફે વિ.વ.શ્રી પી.જે.પટેલ**
**બીજા પક્ષકાર તરફે વિ.પ્રતિનિધિ શ્રી આર.સી.પાઠક**

---

## -:: એવોર્ડ ::-

1 હાલની ઔધોગીક તકરાર ન્યાય નિર્ણય માટે અત્રેની મજુર અદાલતને મદદનીશ શ્રમ આયુકત મહેસાણા તરફથી તેઓનાં તા.૩૧/૦૫/૨૦૧૧ નાં રોજનાં હુકમ ક્રમાંક:કે.એચ./એસ.એચ.એમ.સી./એજે.૧૦૨/૨૦૧૧ થી મોકલવામાં આવેલ જેની અનુસૂચિ નીચે મુજબ છે. :-

### -:: અનુસૂચિ ::-

'' **શ્રી મનસુખલાલ તાજુજી મીના, અમદાવાદને** પડેલા દિવસોનાં પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ.?''

2 હાલનો રેફરન્સ અત્રેની કોર્ટમાં આવ્યા બાદ પક્ષકારોને નોટીસ કરતાં તેની બજવણી થતાં બંન્ને પક્ષકારો હાજર થયેલ છે તેમજ ત્યારબાદ બીજા પક્ષકાર તરફે આંક-૪ થી માંગણાનું નિવેદન (Statement of Claim) રજુ કરી જણાવેલ છે કે, અમો બીજા પક્ષકારની નિમણુંક પ્રથમ પક્ષકારને ત્યાં ૨૦૦૩થી ડ્રાઈવર તરીકે કરવામાં આવેલ ત્યારથી અમોએ સતત અને સળંગ ફરજ બજાવેલ છે. વધુમાં તેઓનું કથન છે કે પ્રથમ પક્ષકાર અમારી પાસેથી ડ્રાઈવરની કામગીરી લેતાં અને દર મહિને રૂા.૭,૦૦૦/- પગાર ચુકવતાં હતા અમારી નોકરીથી પ્રથમ પક્ષકારને સંપુર્ણ સંતોષ હતો. આ કામનાં પ્રથમ પક્ષકારને લઘુતમ વેતન અધિનિયમ તથા આઈ.ડી.એકટની જોગવાઈઓ લાગુ પડે છે અને તેનું પાલન કરવાની તેમની જવાબદારી અને ફરજ છે. વધુમાં તેઓ જણાવે છે કે અમો બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સમક્ષ કાયદેસરનાં હકકોની માંગણી કરતાં પ્રથમ પક્ષકારે ઉશ્કેરાઈ જઈ અમોને તા.૧૭/૦૩/૨૦૧૧ નાં રોજથી નોકરીમાંથી છુટા કરી દીધા છે. પ્રથમ પક્ષકારે અમોને છુટા કરતાં અગાઉ

નોટીસ કે નોટીસ–પે આપેલ નથી તેમજ અમારી વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરેલ નથી એટલું જ નહી પ્રથમ પક્ષકારે અમોને છુટા કરતાં અગાઉ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫–એફ અને ૨૫–જી તથા ૨૫–એનની જોગવાઈઓનું પાલન કરેલ નથી તેથી પ્રથમ પક્ષકારનું અમોને છુટા કરવાનું પગલું ગેર વ્યાજબી, અન્યાયી તથા કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો વિરૂધ્ધનું હોઈ રદ બાતલ છે. વધુમાં બીજા પક્ષકારનું કથન છે કે પ્રથમ પક્ષકારો અમોને જે સુચનાં આપે તે મુજબ અમારે જે તે અધિકારીને લઈને સુચના મુજબનાં સ્થળે વાહન લઈને હાજર રહેવું પડતું. આમ ત્રણેય પ્રથમ પક્ષકારો સંયુકત અને વિભકત રીતે અમારી પાસેથી ડ્રાઈવરની કામગીરી લેતાં હતા તેથી અમારી અને તેમની વચ્ચે નોકર માલીકનાં સંબંધો હતા તેમ જણાવી નીચે મુજબની દાદ માંગેલ છે.

(એ) પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે તેમ ઠરાવી આપશોજી.

(બી) પ્રથમ પક્ષકાર અમોને પડેલા દિવસોનાં પુરા પગાર તથા તમામ લાભો સહિત નોકરી સળંગ ગણી અમારી મુળ જગ્યા ઉપર પુન:સ્થાપિત કરે તેવો હુકમ કરશોજી.

(સી) પ્રથમ પક્ષકાર અમારા પડેલા દિવસોનાં પુરો પગાર તથા તમામ લાભો ૧૮ ટકા વ્યાજ સહિત ચુકવી આપે તેવો હુકમ કરશોજી.

(ડી) આ સીવાય આપ નામદાર સાહેબને યોગ્ય, ન્યાયી અને વ્યાજબી લાગે તેવી બીજી અન્ય દાદ અપાવશો.

3 પ્રથમ પક્ષકાર તરફે આંક–૯ થી માંગણાંનાં નિવેદનનો જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં લેખિત જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની બીજા પક્ષકાર કામદારના માંગણા નિવેદનમાં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરી સત્ય હકીકત જણાવે છે કે, બીજા પક્ષકારે કાયદેસરનાં હકકોની માંગણી કરવાથી

ઉશ્કેરાઈને તા.૧૭/૦૩/૨૦૧૧ નાં રોજ છુટા કરી દીધાની રજુઆત અયોગ્ય છે. હકીકતમાં આ કામનાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧ માં કામગીરી જ બજાવેલ ન હોય આવો કોઈ બનાવ જ બનવા પામેલ નથી. વધુમાં તેઓનું કથન છે કે સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને ઓળખકાર્ડ, તેમજ અન્ય લાભો ચુકવવામાં આવે છે. સંસ્થામાં આ કામનાં બીજા પક્ષકારને કયારેય અમારા તાબા કે દેખરેખ હેઠળ નોકરીમાં રાખવામાં આવેલા નથી. પ્રથમ પક્ષકાર નં.૧ તથા બીજા પક્ષકાર વચ્ચે કયારેય નોકર/માલીકનાં સંબંધ સ્થાપિત થયેલા નથી, નોકર/માલીકનાં સંબંધ સ્થાપીત થયેલ ન હોય તેવા સંજોગોમાં આ કે આવા પ્રકારની અરજી ચાલવાપાત્ર રહેતી નથી અને તે રદ થવાને પાત્ર છે.

4 આ કામે બીજા પક્ષકાર તરફે નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

## – :: મૌખિક પુરાવા ::–

1. **આંક–૧૦ મનસુખલાલ તાજુજી મીના**નું સરતપાસનું સોગંદનામું.

5 ત્યારબાદ બીજા પક્ષકાર તરફે **આંક–૧૩** થી તેઓ વધુ કોઈ મૌખિક પુરાવા આપવા માંગતાં ન હોય તે મતબલની પુરસીસ રજુ કરેલ હોય સદર કામ પ્રથમ પક્ષકારનાં પુરાવા પર રાખવામાં આવેલ છે.

6 ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

## –: મૌખિક પુરાવો :–

1. **આંક–૧૬** પ્રથમ પક્ષકાર તરફે સુનીલ આર પંચાલનું સરતપાસનું સોગંદનામું.

7 ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે **આંક–૧૭** થી તેઓ વધુ કોઈ મૌખિક પુરાવા આપવા માંગતાં ન હોય તે મતબલની પુરસીસ રજુ કરેલ હોય સદર કામ પક્ષકારોની આખરી દલીલ પર રાખવામાં આવેલ છે.

8 હાલનાં કામે કામદાર તરફે તેમનાં પ્રતિનીધિશ્રીએ **આંક–૨૪** થી તેમની લેખિત દલીલ રજુ રાખેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. તેમજ તેઓ તેમની દલીલનાં સમર્થનમાં નીચે મુજબનાં ચુકાદાઓ પર આધાર રાખે છે.

1. D.P. Maheshwari Vs. Delhi Admn. & Ors, Reported In 1984 AIR 153.
2. Gopal, Krishnaji Ketkar Vs. Mahomed Haji Latif & Ors, Reported In 1968 AIR 1413.
3. Shivam Construction Co. And Ors. Vs. Vijaya Bank, Ahmedabad & Ors., Reported In AIR 1997 Guj 24.
4. National Insurance Co. Ltd., Vs. Jugal Kishore & Others, Reported In 1988 AIR 719.
5. R.M. Yellatti Vs. The Asst. Executive Engineer, In Appeal (Civil) 5124 of 2004.
6. Superintendent Engineer Vs. R Chhanabhai Nathabhai, In Letters Patent Appeal No. 202 of 2005.
7. Devinder Singh Vs. Municipal Council, Sanaur, In Civil Appeal No. 3190 of 2011.
8. Deepali Gundu Surwase Vs. Kranti Junior Adhyapak Mahavidyalaya (D.Ed.) and others, In Civil Appeal No. 6767 of 2013.

9. Nadiad Municipality Vs. Ghanshyam R. Barot and Ors., Reported In (1998) 3 GLR 2675.

9 પ્રથમ પક્ષકાર તરફે **આંક–૨૨** થી તેમની લેખીત દલીલો રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

10 સદર કામે આ કેસના આખરી નિકાલ અર્થે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## –: મુદ્દા :–

10.1 શું આ કામના બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે નોકર–માલીકનો સબંધ છે ?

10.2 શું બીજા પક્ષકાર કામદાર એ હકીકત પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓને છુટા કરતાં અગાઉના બાર માસમાં ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ છે.?

10.3 શું આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ?

10.4 શું આ કામના બીજા પક્ષકાર તેઓની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત, સળંગ નોકરી સહીત પુનઃસ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

10.5 શું હુકમ ?

11 ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

## <u>– : : નિ ર્ણ યો : : –</u>

11.1 નકારમાં.

11.2 નકારમાં.

11.3 નકારમાં.

11.4 નકારમાં.

11.5 આખરી હુકમ મુજબ.

## :-:કારણો:-:

12 **મુદ્દા નંબર-૧ થી ૪ :**

આ કામે મુદ્દા નં.(૧) થી (૪) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બીન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ ચારેય મુદ્દાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

12.1 આ કામમાં અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું તથા તેઓ અને સામાવાળા વચ્ચે નોકર-માલીકનો સબંધ હોવાનું તે અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

12.2 બીજા પક્ષકારનું માંગણાનું નિવેદન વંચાણે લેવામાં આવે તો તેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં સને ૨૦૦૩ નાં વર્ષથી ડ્રાઈવર તરીકે નોકરી કરતાં હતા. આ બાબતે પ્રથમ પક્ષકારની બીજા પક્ષકારનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે <u>''પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં નોકરી મેળવવા અરજી કરેલી. મને સંસ્થાએ નિમણુંક પત્ર આપેલ નથી. પ્રથમ પક્ષકાર નં.૧ માં કામ કરતો હોવાનો આધાર મારી પાસે છે. જરૂરી પડે કોર્ટમાં રજુ કરી આપીશ. મને હાજરી કાર્ડ, પગાર ચીઠ્ઠી, ઓળખ કાર્ડ આપતાં ન હોવાની પ્રથમ પક્ષકાર</u>

નં.૧ ને નોટીસ આપેલ નથી. આ બાબતે મે કોઈ સરકારી ઓથોરીટી સમક્ષ ફરિયાદ કરેલ નથી. યુનીયન ધ્વારા કોઈ નોટીસ આપેલ કે કેમ તેની ખબર નથી. હું ધો.૭ સુધી ભણેલો છું મને થોડુ લખતાં વાંચતા આવડે છે. મને ડ્રાઈવર તરીકે આશરે અઢાર વર્ષનો અનુભવ છે. હાલમાં મારી ઉંમર ચોત્રીસ વર્ષ છે. સને ૨૦૧૧ પછી નોકરી મેળવવા મે ઘણી જગ્યાએ પ્રયત્ન કરેલ તે પૈકી ઝાઈડસ, રામદેવ, વગેરે જગ્યાએ પ્રયત્ન કરેલા. સદર કંપનીમાં કામ મેળવવા રોજ પ્રયત્ન કરૂ છું. એ વાત ખરી છે કે સદર કંપનીઓ મારા ઘરથી અંદાજે ત્રીસ કી.મી. ના અંતરે છે. એ વાત ખરી છે કે સદર કંપનીઓમાં નોકરી મેળવવા કોઈ લેખીત અરજી કરેલ નહી કે કોઈ મેનેજરને મળેલ નહી. હવે ઉપરોકત ઉલટ તપાસ થકી કામદાર પ્રથમ પક્ષકાર નં.૧ માં કામ કરતાં હોવાનો કોઈ આધાર તેઓએ કોર્ટમાં રજુ કરવાની હકીકત જણાવેલ છે પરંતુ બીજા પક્ષકાર તરફે આવો કોઈ આધાર આજદીન સુધી રજુ કરેલ નથી. વધુમાં બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે નોકર અને માલીકનો સંબંધ છે કે કેમ તે હકીકત બીજા પક્ષકારે પુરવાર કરવાની રહે છે. વધુમાં પ્રથમ પક્ષકારનાં સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેમાં એવી હકીકત રેકર્ડ પર આવે છે કે એ વાત ખરી છે કે ત્રણેય પ્રથમ પક્ષકાર સંસ્થાઓ પોતાનાં જુદા જુદા વાહનો ધરાવે છે. એ વાત ખરી છે કે સદર વાહનો માટે ડ્રાઈવરો રાખવામાં આવે છે. એ વાત ખરી છે કે સદર વાહનો જરૂર પડયે રીપેરીંગ માટે ગેરેજમાં મુકવામાં આવે છે. એ વાત ખરી છે કે આંક ૧૬ ના સોગંદનામામાં મારી સહી છે. એ વાત ખરી છે કે સદર સોગંદનામાનાં છેલ્લા પેરામાં દર્શાવેલ અધિકારીઓ પ્રથમ પક્ષ સંસ્થામાં નોકરી કરતાં હોય તે દર્શાવતો કોઈ લેખીત આધાર હાલનાં કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે સોગંદનામાનાં સદર

<u>અધિકારીઓએ બીજા પક્ષને નોકરીએ રાખેલ હોય તે દર્શાવતો કોઈ લેખિત આધાર હાલનાં કામે રજુ કરેલ નથી.</u> પ્રથમ પક્ષકારનાં સાહેદની ઉલટ તપાસ થકી એવી હકીકત જણાય આવે છે કે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરતાં કોઈ અધિકારીનાં ડ્રાઈવર હોય. આમ પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરતાં અધિકારીનાં ડ્રાઈવર આપોઆપ પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કર્મચારી બની શકે નહી. વધુમાં બીજા પક્ષકાર તરફે એવો સવાલ પર પુછવામાં આવેલ છે કે સોગંદનામાનાં અધિકારીઓએ બીજા પક્ષને નોકરીએ રાખેલ હોય તે દર્શાવતો પણ કોઈ લેખિત આધાર હાલનાં કામે રજુ કરેલ નથી. પરંતુ હાલનાં કામે બીજા પક્ષકારે સૌપ્રથમ એ હકીકત પુરવાર કરવાની રહે છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કામદાર છે અને તેઓની વચ્ચે નોકર અને માલીકનો સંબંધ છે. પરંતુ હાલનાં કામે બીજા પક્ષકાર એવી કોઈ જ હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં હાથ પરનાં કામે રેકર્ડ પર રજુ તમામ પુરાવા ધ્યાને લેવામાં આવે તો બીજા પક્ષકાર ધ્વારા એવી હકીકત જણાવવામાં આવેલ છે કે તેઓ સને ૨૦૦૩ થી પ્રથમ પક્ષકાર સંસ્થામાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે પરંતુ આટલી લાંબી નોકરી હોવા છતાં તેમની પાસે એવો એક પણ પુરાવો નથી કે જેનાથી એ હકીકત પુરવાર થઈ શકે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કામદાર છે. વધુમાં તેઓએ આ કામે ત્રણ પ્રથમ પક્ષકાર દર્શાવેલ છે તેમજ ત્રણેય પક્ષકારોની કામગીરી અલગ અલગ છે તેથી તેઓ કઈ સંસ્થામાં જોડાયેલ તેવી કોઈ જ સ્પષ્ટતાં તેઓ ધ્વારા કરવામાં આવેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ દલીલમાં જણાવેલ Satinder Kumar Sharma V/s State Of Haryana, Reported In 2016 LLR

187.[1] નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા ઠરાવેલ છે કે અરજદાર નોકર માલીકનાં સંબંધનાં પુરાવાનાં અભાવમાં નોકર માલીકનો સંબંધ પ્રસ્થાપિત થતો નથી તેમ ઠરાવેલ છે. હાથ પરનાં કેસમાં પણ બીજા પક્ષકાર દ્વારા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે પરંતુ તે દસ્તાવેજી પુરાવા થકી એવી હકીકત પ્રસ્થાપિત થતી નથી કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કર્મચારી છે તેમજ બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે નોકર માલીકનો સંબંધ હોય. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે કર્ણાટકા હાઈકોર્ટ તેમજ દીલ્હી હાઈકોર્ટનો ચુકાદો રજુ રાખવામાં આવેલ છે તેમાં પણ ઉપરોકત સીધ્ધાંત બંન્ને નામદાર હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. વધુમાં સંસ્થા દ્વારા મુળ બચાવ લેવામાં આવેલ છે કે હાલનાં કેસમાં બીજા પક્ષકાર દ્વારા સંસ્થામાં ૨૪૦ દીવસની કામગીરી કરેલ નથી તેમજ તેઓએ તેમનાં માંગણાનાં નિવેદનમાં તેમની નોકરીમાં કયારે જોડાયેલ છે તેની પણ તારીખ લખેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર તેમની દલીલમાં જણાવે છે કે ૨૪૦ દીવસની કામગીરી કરેલ છે તે હકીકત પુરવાર કરવાનો બોજો કામદારનો છે. તેમની દલીલનાં સમર્થનમાં તેઓ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા Surendranagar District Panchayat Vs. Dahyabhai Amarsinh Reported In 2005 III CLR 892[2] ના કેસમાં આપવામાં આવેલ ચુકાદા પર આધાર રાખે છે. જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પેરા ૧૯માં ઠરાવેલ છે કે 19.In the light of the aforesaid, it was necessary for the workman to produce the relevant material to prove that he has actually worked with the employer for not less

1 2016 LLR 187
2 2005 III CLR 892

than 240 days during the period twelve calendar months preceding the date of termination. What we find is that apart from the oral evidence the workman has not produced any evidence to prove the fact that he has worked for 240 days. No proof of receipt of salary or wages or any record or order in that regard was produced; no co-worker was examined; muster roll produced by the employer has not been contradicted. It is improbable that workman who claimed to have worked with the appellant for such a long period would not possess any documentary evidence to prove nature of his engagement and the period of work he had undertaken with his employer. Therefore, we are of the opinion that the workman has failed to discharge his burden that he was in employment for 240 days during the preceding 12 months of the date of termination of his service. The Courts below have wrongly drawn an adverse inference for non production of the record of the workman for ten years. The scope of enquiry before the Labour Court was confined to only 12 months preceding the date of termination to decide the question of continuation of service for the purpose of Section 25F of the Industrial Disputes Act. The workman has never contended that he was regularly employed in the Panchayat for one year to claim the uninterrupted period of service as required under Section 25B(1) of the Act. In the fact and situation and in the light of the law on the subject, we find that the workman-respondent is not entitled for the protection or compliance of Section 25F of the Act before his service was terminated by the employer. ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ

ધ્વારા ઠરાવેલ છે કે કામદાર ધ્વારા એ હકીકત પુરવાર કરેલ નથી કે તેમને છુટા કર્યાનાં બાર માસ અગાઉથી તેઓએ દરેક વર્ષમાં ૨૪૦ દીવસ નોકરી કરેલ છે તેમજ આ પુરાવાનાં અભાવમાં ધી આઈ.ડી. એકટની કલમ ૨૫(એફ)નું પ્રોટેકશન મળતું નથી તેમ ઠરાવેલ છે. હાથ પરનાં કેસમાં પણ કામદાર ધ્વારા તેમને છુટા કર્યાનાં એક વર્ષ અગાઉની નોકરીમાં ધી આઈ.ડી.એકટની કલમ ૨૫(૧)(બી) મુજબ ૨૪૦ દીવસની સળંગ નોકરી કરેલ હોવાનું કામદાર પુરવાર કરી શકેલ નથી. વધુમાં બીજા પક્ષકાર ધ્વારા એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે પ્રથમ પક્ષકાર સંસ્થાની વિરૂધ્ધમાં અનુમાન કરી શકાય. વધુમાં બીજા પક્ષકાર ધ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દીવસની કામગીરી કરેલ હોવાની હકીકત તેમજ તેઓની વચ્ચે નોકર તેમજ માલીકનો સંબંધ હોવાની હકીકત પુરવાર કરવાનો બોજો આ કામદાર પર રહેલ છે જે હકીકત બીજા પક્ષકાર ધ્વારા રેકર્ડ આધારીત પુરાવા વડે કે પ્રથમ પક્ષકાર સંસ્થાને દસ્તાવેજો રજુ કરવાની અરજી પણ આપેલ નથી કે જેનાં આધારે જો પ્રથમ પક્ષકાર સંસ્થા આવા દસ્તાવેજો કોર્ટનો હુકમ હોવા છતાં જો કોર્ટમાં રજુ ન કરે તો તેનાં અભાવમાં કોર્ટ ધ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થાની વિરૂધ્ધમાં અનુમાન દોરી શકાય. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા State Of Gujarat Vs. Joshi Taraunkumar Jagdishbhai, R/special Civil Application No. 12458 of 2020.[3] નો રજુ રાખવામાં આવેલ ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં લેબર કોર્ટ ધ્વારા એવું ઠરાવેલ કે કામદાર જાતે નોકરી છોડીને ગયેલ છે તેવા સંજોગોમાં સંસ્થાએ કામદારને નોટીસ કાઢીને કામ પર બોલાવવા જોઈએ અને ૨૫(એફ) નો ભંગ થયેલ છે તેમ ઠરાવી કામદારનો રેફરન્સ મંજુર

3 R/special Civil Application No. 12458 of 2020

કરેલ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા એવું અવલોકન કરવામાં આવેલ છે કે લેબર કોર્ટ ધ્વારા કરવામાં આવેલ અવલોકન ભુલ ભરેલ છે કારણ કે ૨૪૦ દીવસ કામ કરેલ છે તે પુરવાર કરવાની જવાબદારી કામદારની છે જેથી લેબર કોર્ટનો હુકમ કાયદા મુજબ નથી તેમ ઠરાવી લેબર કોર્ટનો ચુકાદો રદ કરતો હુકમ કરેલ. હાથ પરનાં કેસમાં પણ કામદારે ૨૪૦ દીવસની નોકરી કરેલ નથી તેવો સ્પષ્ટ બચાવ સંસ્થા ધ્વારા લેવામાં આવેલ છે. વધુમાં હાલનાં કામે બીજા પક્ષકાર તરફે માર્ક ૧૧/૧ માં દર્શાવેલ વાહન નંબર પ્રથમ પક્ષકાર સંસ્થાનું જ છે તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. વધુમાં ઉપર ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કોઈ અધિકારીનાં ડ્રાઈવર હોવાનું જણાય આવે છે નહી કે પ્રથમ પક્ષકાર સંસ્થાનાં જેથી બીજા પક્ષકાર તરફે રજુ રાખવામાં આવેલ આંક–૧૧ નાં દસ્તાવેજો અન્વયે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કર્મચારી હોચ કે કર્મચારી હતા એ હકીકત રેકર્ડ પર પુરવાર થતી નથી. વધુમાં એક તબકકે માની લેવામાં આવે કે બીજા પક્ષકારનો નોકર માલીકનો સંબંધ હતો તો પણ બીજા પક્ષકાર ધ્વારા એ હકીકત પુરવાર કરવી જોઈએ કે તેઓએ કાયદાની કલમ ૨૫(બી) મુજબ ૨૪૦ દીવસની કામગીરી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કરેલ છે. પરંતુ હાથ પરનાં કેસમાં બીજા પક્ષકાર ધ્વારા ત્રણ પક્ષકારો સામે હાલની ફરિયાદ આસીસ્ટંટ લેબર કમિશ્નર મહેસાણા સમક્ષ કરેલ છે પરંતુ તેઓ કયા પક્ષકારની સંસ્થામાં નોકરી કરતાં હતા તેવી કોઈ સ્પષ્ટતાં હાથ પરનાં કેસમાં કરેલ નથી.

12.3 વધુમાં બીજા પક્ષકાર તરફે રજુ રાખવામાં આવેલ ચુકાદો D.P. Maheshwari Vs. Delhi Admn. & Ors, Reported In 1984 AIR 153.[4] નો ચુકાદો

4 1984 AIR 153

વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા લેબર કોર્ટે કાયદાની કલમ–૨(એસ) અન્વયે રેફરન્સ કાઢી નાંખેલ જેની સામે હાઈકોર્ટમાં અપીલ કરેલ અને તે અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટમાં અપીલ કરતાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ઠરાવેલ કે હાઈકોર્ટ ધ્વારા લેબર કોર્ટનાં ચુકાદામાં હસ્તક્ષેપ કરતો હુકમ ભુલ ભરેલ હોવાનું ઠરાવી રેફરન્સ લેબર કોર્ટને ફરી ચલાવવા સારૂ મોકલવાનો હુકમ કરેલ. ઉપરોકત ચુકાદો હાથ પરનાં કેસને લાગુ પડતો નથી કારણે હાથ પરનાં કેસનાં સંજોગો તેમજ તે કેસનાં સંજોગો તેમજ હકીકતો તદૃન ભિન્ન છે. વધુમાં બીજા પક્ષકાર તરફે Gopal, Krishnaji Ketkar Vs. Mahomed Haji Latif & Ors, Reported In 1968 AIR 1413.[5] નાં ચુકાદા પર આધાર રાખેલ છે તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા હાલનો ચુકાદો ભારતીય પુરાવા ધારાની કલમ ૧૧૪(જી) અન્વયે આપવામાં આવેલ છે અને તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે જો પક્ષકાર દસ્તાવેજો રજુ કરવાની અરજી આપે અને બીજા પક્ષકાર તે રજુ ન કરે અથવા તે મતલબનું સોગંદનામું રજુ કરે તો તેની વિરૂધ્ધમાં અનુમાન થાય. પરંતુ હાથ પરનાં કેસમાં બીજા પક્ષકાર ધ્વારા કોઈ દસ્તાવેજોની માંગણી કરેલ હોય તેવું બનેલ નથી તેથી ઉપરોકત ચુકાદો હાથ પરનાં કેસને લાગુ પડતો નથી. વધુમાં બીજા પક્ષકાર તરફે Shivam Construction Co. And Ors. Vs. Vijaya Bank, Ahmedabad & Ors., Reported In AIR 1997 Guj 24.[6] નો ચુકાદો રજુ રાખેલ છે પરંતુ સદર ચુકાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સીટી સીવીલ કોર્ટ સમરી સ્યુટ મંજુર કરવામાં આવેલ તે અન્વયે આપવામાં આવેલ છે. પરંતુ આ ચુકાદો બીજા પક્ષકારને કઈ રીતે મદદરૂપ થાય છે તેમજ નામદાર ગુજરાત

5 1968 AIR 1413
6 AIR 1997 Guj 24.

હાઈકોર્ટ ધ્વારા શું ઠરાવેલ છે તેવી કોઈ જ દલીલ તેઓએ કરેલ ન હોય બીન જરૂરી ચર્ચા ટાળવાનાં હેતુસર સદર ચુકાદાની અત્રે ચર્ચા કરેલ નથી. વધુમાં બીજા પક્ષકાર તરફે National Insurance Co. Ltd., Vs. Jugal Kishore & Others, Reported In 1988 AIR 719.[7] નાં ચુકાદા પર આધાર રાખેલ છે જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા મોટર એકસીડન્ટનાં કેસ અંગે કલમ ૯૫ ની ચર્ચા કરેલ છે પરંતુ ઉપરોકત ચુકાદો હાથ પરનાં કેસને કોઈપણ રીતે લાગુ પડતો નથી. વધુમાં બીજા પક્ષકાર તરફે R.M. Yellatti Vs. The Asst. Executive Engineer, In Appeal (Civil) 5124 of 2004.[8] નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા હાઈકોર્ટે રદ કરેલ લેબર કોર્ટનો ચુકાદો કાયમ રાખેલ. વધુમાં તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા અલગ અલગ એપેક્ષ કોર્ટનાં ચુકાદાઓ રજુ કરેલ અને તેમાં કાયદાની કલમ ૨૫(બી) અન્વયેની ચર્ચા કરેલ. હાથ પરનાં કેસમાં પણ ઉપરોકત કલમ ૨૫(બી) અન્વયેની ચર્ચા કરવામાં આવેલ છે અને તેમાં બીજા પક્ષકાર એવી કોઈ હકીકત મૌખિક કે દસ્તાવેજી પુરાવા થકી પુરવાર કરી શકેલ નથી કે બીજા પક્ષકાર કામદારોએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દીવસની કામગીરી કરેલ હોય. વધુમાં બીજા પક્ષકાર તરફે Superintendent Engineer Vs. R Chhanabhai Nathabhai, In Letters Patent Appeal No. 202 of 2005.[9] ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા એવું અવલોકન કરવામાં આવેલ કે જો સંસ્થા મસ્ટર રોલ કોર્ટમાં રજુ ન કરે તો તેનાં સામે વિરૂધ્ધનાં અનુમાન દોરી શકાય, પરંતુ હાથ પરનાં કેસમાં બીજા પક્ષકાર

7 1988 AIR 719.
8 Appeal (Civil) 5124 of 2004
9 Letters Patent Appeal No. 202 of 2005

કેસમાં બીજા પક્ષકાર તરફે આવા દસ્તાવેજી પુરાવા રજુ કરવા સારૂ કોઈપણ પ્રકારની અરજી આપેલ નથી કે તેઓએ આ હકીકત પુરવાર કરવા સારૂ મૌખિક પુરાવા સીવાય અન્ય કોઈ પુરાવો આપેલ નથી. આમ ઉપરોકત હકીકતે બીજા પક્ષકારે સંસ્થામાં ૨૪૦ દીવસની નોકરી પુર્ણ કરેલ છે કે નહી તે પુરવાર કરવાનો બોજો બીજા પક્ષકાર પર રહેલ છે અને જો તે એ હકીકત પુરવાર કરે તો ત્યારબાદ બોજો પ્રથમ પક્ષકાર પર ખસે છે. જેથી ઉપરોકત ચુકાદો હાથ પરનાં કેસને લાગુ પડતો નથી. વધુમાં બીજા પક્ષકાર તરફે Devinder Singh Vs. Municipal Council, Sanaur, In Civil Appeal No. 3190 of 2011.[10] નો ચુકાદો રજુ રાખેલ છે સદર ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા લેબર કોર્ટ ધ્વારા પુન:સ્થાપિત કરવાનો ચુકાદો કાયમ રાખેલ અને નામદાર હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદો રદ કરેલ અને તેમાં ઠરાવેલ લેબર કોર્ટ ધ્વારા કામદાર ધ્વારા ૨૪૦ દીવસની કામગીરી કરેલ હોવાનું માનેલ. પરંતુ હાથ પરનાં કેસમાં કામદાર ધ્વારા તેઓએ ૨૪૦ દીવસની કામગીરી કરેલ હોવાનું રેકર્ડ પુરવાર કરી શકેલ ન હોય હાથ પરનો ચુકાદો બીજા પક્ષકારને મદદરૂપ થતો નથી. વધુમાં બીજા પક્ષકાર તરફે Deepali Gundu Surwase Vs. Kranti Junior Adhyapak Mahavidyalaya (D.Ed.) and others, In Civil Appeal No. 6767 of 2013.[11] નો ચુકાદો રજુ રાખવામાં આવેલ છે. જે ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ટ્રીબ્યુનલ ધ્વારા કામદારને પડેલા દીવસોનાં પુરા પગાર સાથે પુન:સ્થાપિત કરવાનો હુકમ કરેલ જેની સામે નામદાર હાઈકોર્ટમાં અપીલ થતાં નામદાર હાઈકોર્ટ ધ્વારા પડેલા દીવસોનો પગાર ચુકવવાનો હુકમ રદ કરેલ જેની સામે નામદાર સુપ્રિમ કોર્ટમાં અપીલ

10 Civil Appeal No. 3190 of 2011
11 Civil Appeal No. 6767 of 2013

કરતાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા હાઈકોર્ટનાં ચુકાદાને રદ કરેલ અને મેનેજમેન્ટને પુરા પડેલા દીવસોનો પગાર ચુકવવાનો હુકમ કરેલ. હાથ પરનાં કેસમાં જયારે કામદાર પોતાનાં પુરતાં પુરાવા થકી પ્રથમ પક્ષકાર સંસ્થામાં પુનઃસ્થાપિત થવા માટે હકકદાર થતાં નથી ત્યારે પડેલા દીવસોનાં પગાર બાબતે ચર્ચા કરવી અર્થહીન થઈ જાય છે જેથી ઉપરોકત ચુકાદો બીજા પક્ષકારને મદદરૂપ થતો નથી. વધુમાં બીજા પક્ષકાર Nadiad Municipality Vs. Ghanshyam R. Barot and Ors., Reported In (1998) 3 GLR 2675.[12] નાં ચુકાદા પર આધાર રાખે છે તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા એવું અવલોકન કરેલ છે કે જયારે કોઈ માલીકે કલમ ૩૩ નો ભંગ કરેલ હોય ત્યારે કલમ ૩૩–એ ની ફરિયાદ લેબર કોર્ટ અથવા તો જે તે ટ્રીબ્યુનલ સમક્ષ થાય તેમ ઠરાવી કલમ ૩૩–એ હેઠળની ફરિયાદ ચાલવા પાત્ર નથી તેમ ઠરાવી ટ્રીબ્યુનલનો હુકમ રદ જાહેર કરેલ. હાથ પરનાં કેસમાં કલમ ૩૩–એ મુજબની કોઈ ફરિયાદ અન્વયેનો કેસ નથી જેથી ઉપરોકત ચુકાદો બીજા પક્ષકારને મદદરૂપ થતો નથી.

12.4 વધુમાં ઉપરોકત કરેલ તમામ ચર્ચા તેમજ રેકર્ડ પર આવેલ સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં હાલનાં કામે બીજા પક્ષકાર કામદાર ધ્વારા તેઓએ ૨૪૦ દીવસ કામ કરેલ છે તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર પુરવાર કરેલ ન હોય તેમજ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારનાં કામદાર હતા તે હકીકત પણ તેઓ રેકર્ડ કોઈપણ પુરાવા થકી પુરવાર કરી શકેલ ન હોય જયારે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કામદાર જ ન હોય તેવા સંજોગોમાં બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

12 (1998) 3 GLR 2675

અને તેથી હાલનાં કામે રેકર્ડ પર એ હકીકત પ્રસ્થાપિત થતી હોય કે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કામદાર જ નથી તેવા સંજોગોમાં અન્ય કોઈ મુદ્દા અન્વયે ચર્ચા કરવાની જ રહેતી ન હોય હાલનાં કામે **મુદ્દા નં.૧ થી ૪** નો જવાબ ''**નકારમાં**'' આપી **મુદ્દા નં.૫** પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

1. બીજા પક્ષકાર કામદારનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.
2. કેસનાં સંજોગો જોતાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Kalol [Sureshkumar Karshanbhai Solanki]
Date:15/09/2022. Judge, (Labour Court), Kalol.
Judge Code :GJ -01299.